ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
સાબરકાંઠા - અરવલ્લી
તા.૧૯-૧૦-૨૦૨૧, મંગળવાર



### મેઘરાજા રિટર્ન્સની દહેશત

# વરસાદ વરસે તો..!! જિલ્લાના ખેડૂતો પાયમાલ બની જશે : મગફળી-કપાસના તૈયાર પાક, સંકટ ઉભું થયુ

બાયડ, તા. ૧૮

દેશમાં મેઘરાજા રિટર્ન્સની દહેશત સાથે જિલ્લામાં ૨ દિવસથી કાળા ડીબાંગ વાદળોની સવારે જમાવટ થતાં ખેડૂતો ચિંતિત બન્યા છે. જિલ્લામાં વરસાદ વરસે તો પાયમાલ બનવાની દહેશત વધી છે. જિલ્લામાં ૧,૧૫,૦૦૦ હેક્ટરથી વધુ જમીનમાં બન્ને પાકનું વાવેતર પછી બમ્પર ઉત્પાદન થયુ છે. સારા ભાવ મળવાની અપેક્ષાએ અનેક ખેડૂતોએ ખેતપેદાશ ઘરે-ગોડાઉનમાં મુકી રાખ્યા છે. તો કેટલાક ખેતપેદાશના ઢગ ખેતરમાં ખડક્યા છે.

ફરી એકવાર ઓક્ટોબરમાં ખેડૂતોના માથે આફતના વાદળ ઘેરાઈ રહ્યા છે. રાજ્યમાંથી નૈતૃત્યના ચોમાસાની ૭ ઓક્ટોબરથી વિદાય જાહેર થઈ, મગફળીનું બમ્પર ઉત્પાદન થયું કપાસનો પાક તૈયાર થતાં ખેડૂતો દિવાળી-લાભપાંચમ આસપાસ મોટાપાયે લણણીની શરૂઆત કરી શકે છે ત્યારે ફરી વરસાદની આગાહી થતાં ખરીફ ખેતી કરનારા જિલ્લાના ખેડૂતોની દિપાવલી પર્વે અગાઉ ઉંઘ હરામ થઈ ગઈ છે. ઓછા વરસાદ થતાં જિલ્લામાં સારૂ ખરીફ પાક ઉત્પાદન થયુ છે. પરંતુ કુદરત હંમેશા ખેડૂતોની અગ્નિ પરીક્ષા લેતી હોય છે. આ વર્ષે સારા ખરીફ પાક વાવેતર ઉપર મેઘરાજા રિટર્ન્સની દહેશતથી ખેડૂતોને પાયમાલ ન થવું હોય તો જે ભાવ મળે તે ભાવથી ખરીફ પાક વેચવો પડશે. જેમાં વેપારીઓ પણ પોતાનો ભરપુર ફાયદો જોઈ રહ્યા છે.

# જિલ્લામાં અનેક વિસ્તારોમાં અજગર દેખાયા

## વન વિભાગે એન.જી.ઓ. ઉપર કામગીરી થોપી : અજગરનું રેસ્ક્યુ થાય એટલે ''ફોટો પડાવવાની ફેશન''



બાયડ, તા. ૧૮

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં શિયાળાનો આરંભ થાય તે અગાઉ અનેક વિસ્તારોમાં ૪ થી ૧૪ ફૂટ લાંબા અજગર મળી આવ્યા છે અને તેમ છતાં વન વિભાગ યોગ્ય તકેદારી રાખવાના બદલે એનજીઓ ઉપર કામગીરી થોપી દે છે. વિશાળ અજગર પકડાય એટલે વન વિભાગ ફોટો પડાવવા પહોંચી જાય છે.

જિલ્લાના માલપુર, બાયડ, ભિલોડા, વિજયનગર, મેઘરજ, બાયડ, ઈડર, ખેડબ્રહ્મા તાલુકામાં ખેતરોમાં મોટી સંખ્યામાં અજગર જોવા મળી રહ્યા છે.

આમ તો અજગર બિનઝેરી વન્ય જીવ છે પરંતુ વિશાળ અજગર ક્યારેક નાના પશુનું મારણ કરે ત્યારે વિચિત્ર સ્થિતિ નિર્માણ પામતી હોય છે. દર વર્ષે અજગર દેખાવાની અનેક ઘટનાઓ જિલ્લામાં નોંધાય છે. આ વર્ષે પણ મોટી સંખ્યામાં અજગર મળી આવતાં ખેડૂતો-સ્થાનિક ગ્રામજનો રેસ્ક્યુ કરનારી એન.જી.ઓ.ને ધ્યાન દોરવામાં આવે એટલે તુરંત સ્થળ ઉપર હાજર થાય છે. અજગરને પકડી ફરી જંગલ વિસ્તારમાં છોડી દેવામાં આવે છે ત્યારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં જે રીતે અજગરો મોટી સંખ્યામાં મળી રહ્યા છે તે જોતાં વન વિભાગે હવે અજગરને પકડવા માટે ખાસ વિશેષ સેલ ઉભો કરવાની તાતી જરૂરીયાત છે.

# બેન્કોના મર્જરથી ધરતીપુત્રો પરેશાન

## સાબરકાંઠા-અરવલ્લીના ૭૦૦૦ ખેડૂતોના ખાતામાં પી.એમ. કિસાન યોજનાનો હપ્તો જમા થયો નથી : દેનાબેંકનું બેન્ક ઓફ બરોડામાં મર્જર થયા પછી ધાંધીયા

બાયડ, તા. ૧૮

દેનાબેન્કનું બેન્ક ઓફ બરોડામાં મર્જર થયા પછી ટેકનીકલી ક્ષતિઓ ઉભી થતાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૭ હજારથી વધુ ખેડૂતોના ખાતામાં પી.એમ. કિસાન યોજનાનો હપ્તો જમા ન થવાની રાવ છે. ખાતા નંબરો બદલાતાં આ પ્રકારની મુશ્કેલી હોવાનું જાણવા મળ્યું છે.

બેન્કોના મર્જરોના નિર્ણય પછી ફાયદો કોને..!! તે તો જગજાહેર છે. પરંતુ જિલ્લાના ખેડૂતોને સૌથી વધુ પરેશાની વેઠવી પડે છે. મળેલ વિગતો અનુસાર ગત જુલાઈ-૨૦૨૧માં દેનાબેન્કનું બી.ઓ.બી.માં મર્જર થયા પછી ખેડૂતોના પ્રધાનમંત્રી કિસાન યોજનાના હપ્તા અટવાઈ પડ્યા છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના બાયડ, મેઘરજ, માલપુર, ધનસુરા, ભિલોડા, મોડાસા, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર સહીતના વિસ્તારોમાંથી અનેક ખેડૂતોની ફરીયાદો આવી છે કે પ્રધાનમંત્રી કિસાન સહાય યોજનાના હપ્તા આજદિન સુધી અમારા ખાતામાં જમા નથી થયા બેંકમાં ખેડૂતો તપાસ કરવા જાય ત્યારે બેન્ક મર્જર થઈ ગઈ છે, ખાતા નંબરો તેના કારણે બદલાઈ ગયા છે પરંતુ આવી ક્ષતિઓનું નિવારણ બેંકના સત્તાધિશોને કરવાનુ હોય છે તેમાં ખેડૂતોનો શુ દોષ. રાજ્ય સરકાર તથા ખેતી વિભાગે પણ બેન્ક મર્જર પછી ખેડૂતોને પડી રહેલી મુશ્કેલીનો ઉકેલ લાવવો રહ્યો.



**વાંટા પ્રા. શાળામાં મંજૂર થયેલ નવીન ઓરડાનું ભૂમિપૂજન**

બાયડ તાલુકાની વાંટા પ્રા. શાળામાં મંજૂર થયેલ નવીન ઓરડાનું ભૂમિપૂજન દાતાના હસ્તે યોજવામાં આવ્યું. પ્રાપ્ત જાણકારી અનુસાર વાંટા પ્રા. શાળામાં બાળકો માટે સુવિધાયુક્ત ઓરડાની માંગ થતાં જૂના ઓરડા દૂરસ્ત કરી ૪ વર્ગખંડવાળી નવી શાળા શિક્ષણ વિભાગ દ્વારા મંજૂર થતાં ભૂમિદાતા ભલાભાઈ ભેમાભાઈ ઝાલાના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું. આ સમયે શાળાના આચાર્ય પરેશભાઈ શાહ, ઉ.શિ. સુજલભાઈ પટેલ, ચીમનભાઈ, સુરેખાબેન, કિંજલબેન તથા લત્તાબેન ઉપસ્થિત રહ્યા હતા. ભૂમિપૂજન પ્રસંગે દાતા દ્વારા બાળકોને પાકુ ભોજન આપવામાં આવ્યું હતું.

# બોરીયાવી ગામના ચૌધરી પરીવારની ૪ દિકરીઓએ પિતાના અંતિમ સંસ્કાર કર્યા

વિસનગરની આદર્શ વિદ્યાલયના નિવૃત્ત પ્રિન્સિપાલ અને બોરીયાવી ગામના વતની રણછોડભાઈ મહાદેવભાઈ ચૌધરીનું ગત ત્રણ તારીખના રોજ દુ:ખદ



અવસાન થયુ હતુ. તેમને પરિવારમાં ચાર દિકરીઓ જ હતી પરંતુ દીકરો ના હોવાનો ક્યારેય અફસોસ કર્યો નથી. ચારેય દીકરીઓને ઉચ્ચ શિક્ષણ આપી આદર્શ ઘડતર કર્યુ. એમના વિચારો હંમેશા સમાજ સુધારણા માટેના હતા. એમની ચારે દીકરીઓને સમાજની ગોળ પ્રથા તોડીને ચાર જુદા જુદા સમાજમાં પરણાવી. ચૌધરી સમાજમાં ક્યારેય નથી થયા એવા ચારે દીકરીઓના આગોતરા મામેરા ભર્યા. દિકરીઓએ પણ પિતાના સંસ્કાર ઉજાગર કરી પિતાનું ઉજમણું કર્યુ. પાંચ વર્ષ પહેલા એમની પત્નીના અંતિમ સંસ્કાર પણ દિકરીઓએ કર્યા હતા. આજના જમાનમાં દીકરા પણ ના કરે એવું પિતાના મૃત્યુનું કારજ એમની ચાર ચાર દીકરીઓ રીટાબેન, પારૂલબેન, મયૂરીબેન, ગીરાબેન કરી બતાવ્યુ. ચાર દિકરીઓએ જ્યારે બાપને કાંધ આપી ગમગીન દશ્યો જોઈને ગ્રામજનોની આંખો અશ્રુઓથી ઉભરાઈ ગઈ. વડીલે એમની અંતિમ ઈચ્છાનો પત્ર લખ્યો છે જેમાં પ્રભુને પ્રાર્થના કરી છે કે આવતા ભવમાં પણ મને દીકરો ના આપતા પણ આવી ચાર દીકરીઓ અને આવા ચાર જમાઈ આપજો. ખરેખર દીકરા દીકરી એકસમાન એ વિચારોને સાબિત કરી બતાવ્યા. રૂઢીગત સમાજમાં આવી પહેલ માટે એમના કૌટુંબિક ભાઈઓનો સાથ સહકાર ખરેખર સમાજને નવી દિશા પુરી પાડે છે. બેટી વધાવોના સૂત્રને ચૌધરી પરીવારે સાર્થક કરી બતાવ્યું.

# ઉત્તર ગુજરાતમાં દિવાળી પર્વ નિમિત્તે વધારાની એસ.ટી. બસ દોડશે

## ગોધરા-પંચમહાલ-મહારાષ્ટ્ર તરફ બસો દોડાવી આવક વધારવાનો પ્રયાસ

દિવાળી પર્વ નજીકમાં છે ત્યારે ઉત્તર ગુજરાતના બાંધકામ-ઔદ્યોગિક ઉત્પાદન ક્ષેત્રમાં કામ કરતા શ્રમજીવીઓને વતન જવા માટે એસ.ટી. વિભાગ વધારાની એસ.ટી. બસ દોડાવશે. ગોધરા-પંચમહાલ અને મહારાષ્ટ્ર-સુરત તરફ બસો દોડાવી એસ.ટી. નિગમ દર વર્ષની જેમ આ વર્ષે આવક વધારવાનો પ્રયાસ કરશે.

એસ.ટી. વિભાગના અણઘડ આયોજનથી સારી એસ.ટી. બસ, સારા બસ મથક છતાં એસ.ટી.ની આવક સતત ઘડી રહી છે. હવે ઓછા સ્ટાફથી અસંખ્ય રૂટ બંધ કરવાની નોબત આવી છે. ત્યારે ઉત્તર ગુજરાતના વિવિધ એસ.ટી. ડિવીજન દ્વારા દિવાળી પર્વ નિમિત્તે ૧૩૦ વધુ એસ.ટી. બસો દોડાવવાનો નિર્ણય કરાયો છે. ટૂંકમાં જ શ્રમીકો દિવાળી પર્વ ઉજવવા વતન જશે તે જોતાં તમામ એસ.ટી. ડીવીજનના નિયામક દ્વારા તમામ બસ મથકોમાંથી સરેરાશ ૫ વધારાની એસ.ટી. બસો દોડાવાશે. જો કે આ નિર્ણયથી ગામડાના અસંખ્ય રૂટ આડેધડ બંધ થશે તો જિલ્લાની ગામડાની પ્રજાને અસુવિધાનો ભોગ બનવું પડશે.

# જુનાડીસાની યુવતીને દહેજ મામલે સાસરીયાએ ત્રાસ આપી કાઢી મૂકી

ડીસા તાલુકાના જુનાડીસા ગામે રહેતી યુવતીના લગ્ન અમદાવાદ ખાતે થયેલા હતા પરંતુ સાસરિયા દ્વારા અવાર નવાર મારઝૂડ કરી દહેજ માગવામાં આવતા આખરે પીડિત યુવતીએ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી ન્યાયની માંગ કરી છે. જુનાડીસાની જીવનધારા સોસાયટી ખાતે રહેતા નિમેશભાઈ દરજીની દીકરી અશ્વિનાબેનના ૧૫ માસ અગાઉ પુન: લગ્નના કરારથી અમદાવાદના વસ્ત્રાલ ખાતે રહેતા પ્રતિકભાઈ મહેશભાઈ દરજી સાથે લગ્ન થયેલા.જોકે સાસરિયા દ્વારા બે થી ત્રણ માસ સુધી સારી રીતે રાખ્યા બાદ સાસરિયા અવાર નવાર ત્રાસ આપવા લાગેલ. ગત તારીખ ૨૫/૮/૨૧ ના રોજ સાસુ ,સસરા અને પતિએ નાની વાતમાં ઝગડો શરૂ કરેલો અને મેણા ટોણા બોલી તારા પિયરથી રૂપિયા ૫૦ હજાર લઈ આવ એમ દહેજની માંગણી કરી માર મારી સાસુ સસરા અને પતિએ એક્ સમ્પ થઈ ત્રાસ આપી ઘરમાંથી કાઢી મુકી હતી.જેથી અશ્વિનાબેન પોતાના પિયર જુનાડીસા ખાતે આવેલા અને તેમના પિયર પક્ષને આ બાબતની જાણ કરી હતી.

# ધાનેરા નગરપાલિકામાં ખર્ચા વધવા છતાં બિનજરૂરી ઓવરશીયરની જગ્યા પર પગાર

## લાઈટના માથે લેણાં હોવા છતાં ખર્ચામાં કેમ કાપ નહીં? : છેલ્લા દસ વર્ષથી મળતીયાઓ ધ્વારા વારંવાર એક જ ઓવરશીયરને રીપીટ કરવામાં આવે છે કેમ?

ધાનેરા તા.૧૮

ધાનેરા નગરપાલિકામાં લાઈટ બિલના ગુજરાત વિદ્યુત બોર્ડનું માથે લાખો રૂપિયાનું દેવું ચઢી જાય છે ત્યારે નગરપાલિકામાં આવક કરતા જાવકમાં વધારો જોવા મળી રહ્યો છે ધાનેરા નગરપાલિકા માં હાલ સરકાર શ્રી દ્વારા સિવિલ એન્જિનિયર મુકવામાં આવેલ હોવા છતાં દસ વર્ષે થી સીટ જમાવીને બેઠેલા ઓવરશીયરની જરૂર ન હોવા છતાં પણ તે જગ્યા ઉપર પગાર ચૂકવાઈ રહ્યો છે. સરકારશ્રીના નિયમ મુજબ નગરપાલિકામાં સરકારી એન્જિનિયર હોય તો સાઈડમાં ઓવરશીયરની જરૂર રહેતી નથી તો તેને તાકીદે છુટા કરવા જોઈએ પરંતુ પગાર અપાય છે અને તેની નોકરી ચાલુ છે જે નગરપાલિકાને નુકસાન થઈ રહ્યું છે આ બાબતે વારંવાર રજૂઆત કરેલ હોવા છતાં પણ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી નગરપાલિકાએ કોરોના ની સ્થિતિ ધ્યાનમાં લઈ તેને ફરી નોકરી પર રાખવામાં આવેલ છે પરંતુ હાલની સ્થિતિમાં સુધારો જોવા મળ્યો હોવાથી આ જગ્યા તાકીદે રદ કરવી જોઈએ અને તાકીદે ઓવરશીયર જગ્યા ના વ્યક્તિ ને છુટા કરવા જોઈએ જેથી નગરપાલિકાના ખોટા ખર્ચા પગારમાં નુકસાન ભોગવવું ન પડે હવે જોવાનું એ રહેશે કે નગરપાલિકા સરકારી નિયમનું પાલન કરે છે કે કેમ તે જોવાનું રહ્યું.

# ડીસાના અંબિકાનગર નજીક નાણાંની લેતી દેતી મામલે યુવક ઉપર હુમલો

ડીસાના અંબિકા નગર વિસ્તારમાં નાણાંની ઉઘરાણી કરવા આવેલા યુવક ઉપર અન્ય યુવકોએ 'ઉઘરાણી કરવા કેમ આવ્યો છે ?' તેમ કહી હુમલો કરી માર માર્યો હતો. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે.

ડીસાના શુભમ પાર્ટી પ્લોટ નજીક આવેલા ગણેશકૃપા ખાતે રહેતા રોહિતકુમાર મનુભાઈ માળી જમીન દલાલીનો વ્યવસાય કરે છે અને અંબિકાનગર ખાતે રહેતા ચિરાગકુમાર સાંખલા પાસે પૈસા માંગતા હોઈ રવિવારે તેઓ ચિરાગકુમારના ઘરે ગયેલા અને ઘરની બહાર ઉભા રહી બૂમ પાડતા ચિરાગભાઈ તેમજ તેનો ભાઈ અને પિતા સહિત ચારેક જણા બહાર આવેલા અને તેમને કહેવા લાગેલ કે 'શાના પૈસા માંગે છે ? અમારે પૈસા આપવા નથી' જેથી રોહિતભાઈ એ કહેલ કે મારે જે પૈસા લેવાના છે તે આપો આવું કહેતા ચિરાગકુમાર સહિતના તમામ ઉશ્કેરાઈ ગયેલા અને રોહિતભાઈને મા બેન સામે ગાળો બોલવા લાગેલ. તે દરમિયાન ચિરાગકુમાર ઘરમાંથી તલવાર લઈ આવેલો અને ઝપાઝપી કરવા લાગેલ તે દરમિયાન તલવાર રોહિતભાઈને માથાના ભાગે લાગેલ.જેથી લોહી નીકળવા લાગેલ તેમ છતાં પણ આ તમામ ઈસમોએ રોહિતભાઈને માર મારેલો અને જાનથી મારી નાખવાની ધમકી આપેલ જોકે આ મારામારી દરમિયાન હોબાળો મચી જતા ત્યાં પોલિસ પણ દોડી આવેલી અને ઈજાગ્રસ્ત રોહિતભાઈને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ. સારવાર બાદ આ મામલે રોહિતભાઈએ ડીસા દક્ષિણ પોલીસ મથકે (૧) લાલભાઈ કનવરભાઈ સાંખલા (૨) નટુભાઈ ચમનભાઈ સાંખલા (૩) સુનિલ ઉર્ફે ભરત નટુભાઈ સાંખલા (૪)ચિરાગ સાંખલા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજના તાજપુર કુઈ ખાતે ભવાઈ કાર્યક્રમ યોજાયો

## નાયક સમાજ દ્વારા યંત્ર યુગમા આજે પણ યથાવત







પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના તાજપુર કુઈ પંથકમાં નાયક સમાજ દ્વારા પરંપરાગત રીતે ભજવાતી ભવાઈ જેવી હિંદુ સંસ્કૃતિ આજે પણ જીવંત જોવા મળી રહી છે

પ્રાંતિજના તાજપુર, કરોલ, મજરા, વડવાસા, સીતવાડા બોરીયા, સહિતના તાલુકાના ગામડાઓમાં નવરાત્રી ના દશેરા પછી પરંપરાગત નાયક સમાજના માતાજીના સેવકો દ્વારા આ ભવાઈનો કાર્યક્રમ કરવામાં આવે છે જેમાં ભવાઈના મુખ્ય વાજિંત્ર તરીક તબલા ,ભૂગળ અને કોસી જોડ નો ઉપયોગ થાય છે ત્યારે કનુભાઈ ચીમનભાઈ નાયક (તાજપુર) તેમજ તેમના સાથી કલાકારો દ્વારા તાલુકાના ગામડાઓમાં ભવાઈ ભજવવામાં આવે છે તો કાર્યક્રમની શરૂઆતમાં માતાજીની ગરબી તેમજ ગુણગાન ગાઈને કરવામાં આવે છે તો ભવાઈ મા બ્રાહ્મણનો વેશ ,ગણપતિ નો વેશ, અને ગ્રામજનોની હાસ્ય તેમજ મનોરંજન પૂરું પાડવા માટે જૂઠુંણ નો વેશ પણ ભજવવામાં આવે છે ત્યારે માતાજીના ચાચર ચોકમાં નાયક નો દીકરો મહાકાળી માતાજીનો ગરબો માથે લઈ ગ્રામજનોને માતાજીના દર્શન કરાવે છે તેમાં ગ્રામજનો દ્વારા ગરબામાં માનેલી માનતા પરિપૂર્ણ થતાં ગ્રામજનો માતાજીના ગરબા ના દર્શન કરી ધન્યતા અનુભવે છે અને માતાજીની ગરબા ને વધાવવા માટે સારું દાન પણ આપવામાં આવે છે વધુમાં અસાઈત દાદા ના લખેલા ૩૬૦ વેશ જેવાકે જશમા ઓડણ, શરણાઈ, મહિયારી જેવા અલગ-અલગ વેશ ભજવવામાં આવે છે, ત્યારે તાલુકામાં પરંપરાગત રીતે ચાલતી હિન્દુ સંસ્કૃતિ મા નાયક સમાજના લોકો દ્વારા આજે પણ ગામડાઓમાં ભવાઈ જીવંત જોવા મળે છે જેમાં ટેકનોલોજી યુગ હોવા છતાં પણ ભવાઈ જોવા માટે યુવાનો મહિલાઓ સહિત બાળકો ઉમટી પડે છે ત્યારે પ્રાંતિજ તાલુકામાં નાયક કનુભાઈ ચીમનલાલ(તાજપુર) તેમજ તેમના સાથી કલાકારો દ્વારા ભવાઈ નો કાર્યક્રમ ભજવવામાં આવે છે.

# પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારા સામે ખેડૂતોનો વિરોધ

પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાને લઈને દેશ ભરમાં વિરોધ સામે આવી રહ્યો છે. ત્યારે રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના પીપળવા ગામે ખેડૂતોમાં ડીઝલ અને પેટ્રોલના ભાવ વધારાને લઈને રોષ જોવા મળ્યો હતો અને ખેડૂતોએ આજે ડીઝલના ભાવ વધારાને પાછો ખેંચવા માટે માગ કરતો વિરોધ કર્યો હતો.રોષે ભરાયેલ ખેડૂતોએ આજે અહીં ટ્રેકટરને દોરડાથી ખેચીને બળદ ગાડું બનાવ્યું હતું અને ખેડૂતો પોતે બળદ બની ગયા હતા તેવું કહ્યું હતું અને હવે ખેતી કરવા માટે ટ્રેકટર ડીઝલથી ચલાવવું પોષાતું ન હોય ખેડૂતોને હવે ટ્રેકટરને દોરડાંથી ખેંચી અને ધક્કા મારીને ખેતરમાં ચલાવ્યું હતું. ખેડૂતોએ સરકાર સામે સૂત્રો ચાર કરી અને ડીઝલના ભાવ વધારો પાછો ખેંચવાની માગ કરી હતી. ખાતરમાં ભાવ વધારો થતાં ખેડૂતોને ખેતી કેમ કરવી તેવા પ્રશ્નો ખેડુતોને સતાવી રહ્યા છે. વીજળી પણ પુરી ૮ કલાક ન મળતી હોવાનો ખેડૂતો આક્ષેપ કર્યો હતો. આ બાબતે સરકાર પાસે ખેડૂતો માગ કરી હતી કે ખેડૂતોને ૮ કલાક વીજળી પુરી પાડવામાં આવે છે.